# રામના પથ પર

કાગડો જાણતો હતો કે ભગવાન પધારી ચૂક્યા છે.

તે એ જાણતો હતો કે ભગવાન અગાઉ ક્યારે આવ્યા હતા; અને તે ફરી ક્યારે આવશે? કાક ભુશુંડીને તેનાં હજારો વર્ષો અને અનેક જન્મો સુધી એક વરદાન પ્રાપ્ત હતું, જેના ફળસ્વરૂપે તે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની વચ્ચે ભ્રમણ કરી શકતો હતો. રામના જીવનના જુદા જુદા તબક્કાઓ, રામના જન્મ પહેલાં અને તેમના જીવનપર્યંત પણ જોઈ શકતો હતો. રામ પ્રત્યેની તેની ભક્તિને લીધે, તે દરેક અવતારમાં પૃથ્વી પર રામ સાથે રહ્યો હતો અને આવનારા દરેક અવતારમાં રહેવાનો હતો.

ભુશુંડીએ તેના ગુરુ, ઋષિ લોમશનું અપમાન કર્યું હોવાથી શિવના શાપને કારણે તેને કાગડાનું રૂપ મળ્યું હતું. શિવે તેને હજાર જન્મો સુધી કાગડાના રૂપમાં રહેવાનો શાપ આપ્યો હતો, પરંતુ તે સાથે જ ભગવાન શિવ પાસેથી તેને દીર્ઘાયુનું વરદાન પણ મળ્યું હતું. તેનું નામ એક મહાન ઋષિ તરીકે પ્રસિદ્ધ થયું અને ભવિષ્યમાં ભગવાન વિષ્ણુ જ્યારે રામના રૂપમાં અવતરશે ત્યારે રામની સાથે ભુશુંડીનું નામ પણ લેવાવાનું હતું. ભુશુંડીએ સ્વયં ભગવાન શિવને રામકથા સંભળાવી હતી. એવું માનવામાં આવે છે કે રામના જન્મદિવસે અયોધ્યાની શેરીઓમાં શિવ અને ભુશુંડીએ નૃત્ય કર્યું હતું.

હવે આપણે તે વાનર વિશે વાત કરીએ, જે પોતે વાયુના પુત્ર છે. બાળપણમાં તેઓ આકાશમાં ઊડ્યા અને સૂર્યને ગળી ગયા હતા. તેઓ અપાર શક્તિ, તાકાત અને બૌદ્ધિક ક્ષમતાથી સમૃદ્ધ હતા. આવું હોવા છતાં, તેઓ એક નિરાશ્રિત રાજા સાથે કિષ્કિંધાનાં જંગલોમાં ગુનેગારની જેમ ભટકવા માટે લાચાર હતા. ભગવાન રામ પ્રત્યેની તેમની ભક્તિ તેમને અમર બનાવવાની હતી અને પૃથ્વી પર તેમનું નામ રામ સાથે હંમેશ માટે જોડાયેલું રહેવાનું હતું.

અમે રામના વનવાસના માર્ગ પર અમારી યાત્રાનો પ્રારંભ અયોધ્યાથી કરીએ છીએ. અમે અમારી શોધયાત્રા પહેલાં આશીર્વાદ મેળવવા માટે કાક ભુશુંડીને તો શોધી શકીએ તેમ નહોતા. તેઓ તો કાળના સીમાડા ઓળંગીને રામજન્મની પ્રતીક્ષામાં ક્યાંય વિચરતા હોઈ શકે, પરંતુ અમે વાનરના આશીર્વાદ તો લઈ જ શકતા હતા. તેઓ જ તો છે કે જે અયોધ્યાના સર્વોચ્ચ સ્થાન પર બિરાજમાન છે. રામની રાજધાની અયોધ્યાના લોકોની રક્ષા કરે છે અને રામને અનુસરનારાઓને આશીર્વાદ આપે છે.

જ્યારે નીચેથી જોવામાં આવે તો હનુમાનગઢી મંદિર કોઈ નાના કિલ્લાથી ઓછું નથી લાગતું. મંદિર તેના નામને સમર્થન આપતું હોય તેમ ખૂબ જ મજબૂત રીતે બાંધવામાં આવ્યું છે. તેના વિશાળ પ્રવેશદ્વાર અને મિનારા (બુર્જ) ચૌદ તોપો દ્વારા સુરક્ષિત છે. અમે 76 પગથિયાં ચઢીને એક દ્વાર પર પહોંચીએ છીએ, જ્યાંથી આખા અયોધ્યા શહેરનો નજારો દેખાય છે. આ સ્થાન તેમના રક્ષક-દેવ માટે યોગ્ય સ્થળ છે, જ્યાંથી તેઓ તેમના ઇષ્ટદેવ દ્વારા આપવામાં આવેલી જવાબદારી પૂરી કરે છે. મુખ્ય દરવાજેથી પસાર થઈને અમે થોડી ઊંચાઈ પર આવેલા બીજા દરવાજા પર પહોંચ્યા, જ્યાં સુધીનો રસ્તો ઉપરથી ઢંકાયેલો છે અને બંને બાજુએ ઓરડા છે, જેના દરવાજાઓ પર પૂજારીઓનાં નામ લખેલાં છે. આ બધા એવા લોકો છે જેમને મંદિરમાં પૂજા કરવાનો વારસાગત અધિકાર છે. છેવટે, બીજાં દસ પગથિયાં ચડ્યા પછી, રસ્તો એક ખુલ્લા પ્રાંગણમાં જાય છે, જેની મધ્યમાં હનુમાનજીનું મંદિર આવેલું છે.

મંદિર અમારી ધારણા કરતાં નાનું છે અને તેનું ચોરસ ગર્ભગૃહ ચારે બાજુથી લગભગ 20 ફૂટ લાંબું છે અને તેની આસપાસ પરસાળ છે.

આંગણાની ચારે બાજુ એક ઊંચો અને ઢંકાયેલો ઓટલો બનાવવામાં આવ્યો છે અને એક જગ્યાએ તેને એક મોટી ખુરશી જેવો આકાર આપવામાં આવ્યો છે, જેના પર રેશમી ગાદી પથરાયેલી છે. અમને કહેવામાં આવ્યું કે તે સિંહાસન મુખ્ય મહંત બાબા પ્રેમદાસનું છે.

આ મંદિરમાં હનુમાનજીનું નિરૂપણ ખૂબ જ અનોખું છે. અહીં ન તો તેમના હાથમાં ગદા છે કે ન તો સંજીવની પર્વત; તે ન તો ગુસ્સે દેખાય છે અને ન તો છાતી ફાડીને રામ પ્રત્યેની તેમની ભક્તિનો પુરાવો આપી રહ્યા છે. અહીં તો તેઓ શાંત, સૌમ્ય અને નિર્મળ છે. આ મૂર્તિ પણ અન્ય મંદિરોની મૂર્તિઓ જેટલી વિશાળ નથી. હનુમાનગઢીમાં હનુમાનજી સિંહાસન પર બિરાજમાન છે; જે અયોધ્યાના રક્ષક દેવતાના તેમના ચિત્રણ માટે ખૂબ જ યોગ્ય છે! ગર્ભગૃહની આસપાસ રાબેતા મુજબની અવર-જવર થઈ રહી છે અને ત્યાં ઘણા પોલીસકર્મીઓ જોવા મળે છે. તે પણ મંદિરની પવિત્રતાને માન આપીને ખુલ્લા પગે પોતાની ફરજ બજાવી રહ્યા છે.

બાબા પ્રેમદાસ વિશે પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેઓ ભોજન કરવા માટે ગયા હતા. જ્યારે અમે તેમને સંદેશો મોકલવ્યો ત્યારે અમને તેમના રૂમમાં આવવાનું આમંત્રણ આપ્યું. જ્યારે અમે તેમને પ્રણામ કરી અને અમારા લક્ષ્ય વિશે જણાવ્યું, ત્યારે તેમણે અમને આશીર્વાદ આપ્યા અને અમને બેસવા માટે કહ્યું. તેઓ એક સાદા અને સરળ, થોડા સ્થૂળ વ્યક્તિ છે. તેમના રૂમમાં એક જ નાની બારી છે જેમાંથી મંદ પ્રકાશ આવી રહ્યો છે. અમે તેમના પગને સ્પર્શ કર્યો અને તેમની સામે જમીન પર બેસી ગયા.

'શું તમને ખબર છે કે આ મંદિર કોણે બંધાવ્યું?' તેમણે પ્રશ્ન પૂછ્યો અને પોતે જ જવાબ આપવા લાગ્યા. 'એક મુસ્લિમ શાસકે. તેણે માત્ર કિલ્લો બનાવ્યો જ નહીં, પરંતુ મંદિરને કોઈ પણ પ્રકારના ટોલ અથવા ટેક્સથી મુક્ત રાખ્યું અને આદેશ બહાર પાડ્યો કે કોઈ પણ વ્યક્તિ મંદિર વિરુદ્ધ મુકદ્દમો કરી શકશે નહીં.' અમારા ચહેરા પર અવિશ્વાસના ભાવ જોઈને તેમણે મંદિરની વાર્તા કહી:

> 'નવાબે બધી આશા ગુમાવી દીધી હતી! અવધના બીજા નવાબ અબ્દુલ મન્સૂર ખાન સફદરજંગે તેમના પુત્રના કોઢની સારવાર

માટે દરેક દવા અને નુસખા અજમાવ્યા, પરંતુ કશું અસરકારક નીવડ્યું નહીં. હકીમ, વૈદ્ય અને સ્થાનિક અંગ્રેજ ડૉક્ટરો પણ તેની સારવાર કરવામાં નિષ્ફળ ગયા.

તેમના હિંદુ વજીરે સલાહ આપી, "સાહેબ, આપણે શાહજાદા સાહેબબહાદુરને અયોધ્યાના મંદિરમાં લઈ જવા જોઈએ. સાંભળ્યું છે કે ભગવાન ચમત્કાર કરી શકે છે."

તે સમયે, હનુમાનગઢી મંદિર એક ટેકરા પર સ્થાપિત મૂર્તિ સિવાય બીજું કંઈ નહોતું. બધા પ્રયાસ કર્યા પછી, નવાબે અનિચ્છાએ સંમતિ આપી. નવાબ મંદિરે પહોંચ્યા ત્યારે મહંત અભયદાસે તેમને પૂછ્યું, 'તમે અહીં કેમ આવ્યા છો?'

'કંઈ જ કારગત ના નીવડ્યું, એટલે હું અહીં આવ્યો છું. મારો એકમાત્ર દીકરો...' નવાબે ધ્રૂજતા અવાજે પોતાના દીકરા તરફ ઇશારો કરતાં કહ્યું.

'બસ આટલી જ વાત છે?' મહંત અભયદાસે તેમને આશ્વાસન આપ્યું અને મંદિરમાંથી થોડી ભભૂતી લાવીને શાહજાદાના આખા શરીર પર લગાવી દીધી. શાહજાદાની બીમારી પળવારમાં દૂર થઈ ગઈ. નવાબ ખુશ થઈ ગયા અને મહંત અભયદાસને કંઈ પણ માગણી દર્શાવવા કહ્યું.

મહંત ભાવુક થઈને બોલ્યા - 'હું તો પહેલેથી જ એવા અધિપતિનો સેવક છું, જે મને વગર માગ્યે ત્રણ લોક આપી શકે છે.' પછી કહ્યું, 'તમે મને એવું શું આપી શકો કે જે તે ના આપી શકે?' જોકે નવાબના ખૂબ આગ્રહ પછી મહંતે તેમને હનુમાનજી માટે ગઢી બનાવવાનું કહ્યું.

'મંદિરનું નિર્માણકાર્ય 1797માં નવાબ અબ્દુલ મન્સૂર ખાન સફદરજંગના પૌત્ર અસફ-ઉદ-દૌલાના શાસનકાળમાં પૂર્ણ થયું હતું.' મહંતે કથાનું સમાપન કરતાં જણાવ્યું.

અમે તેમને પૂછ્યું કે શું રામાયણનું પઠન સૌથી પ્રથમ કાક ભુશુંડીએ કર્યું હતું?

તેઓ હસ્યા અને કહ્યું, ‘વાલ્મીકિ રામાયણમાં કાક ભુશુંડીનો ઉલ્લેખ નથી, પણ તુલસીદાસે તેને ખૂબ જ મહત્ત્વની ભૂમિકા આપી છે. અધ્યાત્મ રામાયણમાં આ કથા ભગવાન શિવ સૌથી પહેલાં પાર્વતીને સંભળાવે છે અને કહે છે કે, તેમને રામાયણ કાક ભુશુંડીએ સંભળાવી હતી. કેટલાક લોકો માને છે કે કાક ભુશુંડી દ્વારા ગરુડને વર્ણવેલ રામાયણ એ પ્રથમ રામાયણ છે. તે પછી અધ્યાત્મરામાયણ આવ્યું, પરંતુ આ બંને રામાયણ શ્રી રામના જન્મ પહેલાંની છે. વાલ્મીકિ રામાયણ એ વાર્તા પર આધારિત છે જે લાંબા સમય પછી નારદ દ્વારા વાલ્મીકિને સંભળાવવામાં આવી હતી, કારણ કે વાલ્મીકિ શ્રી રામના સમકાલીન હતા.

‘પણ શું આ કોઈ મુદ્દોય છે? શું એનાથી કશો ફેર પડે છે કે પ્રભુની ગાથા અનેક વખત, વિભિન્ન ભાષાઓમાં જુદી જુદી રીતે કહેવામાં આવી છે? કારણ કે, આવું હોવા છતાં પણ રામાયણનો સાર શાશ્વત્ છે.

ત્યારે તેમણે અમને જણાવ્યું કે, “તમે તમારી શોધયાત્રામાં રામાયણનાં અનેક સંસ્કરણો સાંભળશો અને રામના જીવનના વિવિધ સમયગાળાને સંલગ્ન મંદિરોની મુલાકાત લેશો. તેમની મૂર્તિઓ અલગ હશે - અયોધ્યામાં બાળસ્વરૂપમાં રામલલા, તેમ જ રાજાના રૂપમાં તો ચિત્રકૂટ અને દંડકારણ્યમાં વનવાસી તરીકે; હમ્પીમાં તેમની પત્ની સીતાની શોધમાં વિચલિત, વિરહથી વ્યાકુળ સ્વરૂપમાં, અને તે પછી કોદંડધારી અથવા ધનુર્ધરના રૂપે... જોકે આવાં કેટલાંય સ્વરૂપોમાં તેમનું મૂળ તત્ત્વ એક જ છે.”

વધુમાં તેમણે કહ્યું, “જતી વખતે પાછળની બાજુએ બનેલી મસ્જિદ જરૂરથી જોજો. તે હંમેશાં આ મંદિરનો એક ભાગ રહી છે. જ્યારે તેની છત તૂટી પડી ત્યારે અમે મંદિરના ભંડોળથી તેનું સમારકામ કરાવ્યું અને અમારા મુસ્લિમ ભાઈઓ માટે તેને ખોલી દીધું.”

બહાર નીકળતી વખતે અમારા મનમાં એક પ્રશ્ન ઊભો થયો કે અહીંથી અમે રામના માર્ગની અમારી યાત્રામાં શું લઈ જઈ રહ્યા છીએ - પંડિતજીનો વિવેક, તેમની સહિષ્ણુતા કે તેમની ઉદારતા?